પરિશિષ્ટ-૬ (3)

### ગોધરા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ

***15/4/779 શ્રી સી.કે.રાઉલજી (ગોધરા) : માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-**

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-૨૪માં કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને | (૧) | | |

| વર્ષ | વાવેતર (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૨૨-૨૩ | ૪૩૯ |
| ૨૦૨૩-૨૪ | ૪૪૮ |

(૨) તેની પાછળ ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ કરવામાં અવેલ છે?

(૨)

| વર્ષ | ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૨૨-૨૩ | ૫૦૪.૫૧ |
| ૨૦૨૩-૨૪ | ૫૦૭.૫૨ |

---

ક્રમાંક: વસપ/૧૧૨૦૨૪/તા.પ્ર.૧૨/મ
વન અને પર્યાવરણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર,
તા.૦૨/૦૨/૨૦૨૪

ગુજરાત વિધાનસભાના તારીખઃ ૧૦/૦૧/૨૦૨૪ તારાંકિત પ્રશ્નઃ ૧૫/૪/૭૭૯ અન્વયે જરૂરી કાર્યવાહી સારુ

(આસવ ગઢવી)
નાયબ સચિવ
વન અને પર્યાવરણ વિભાગ

નકલ રવાનાઃ

૧. અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી,(HoFF),અરણ્ય ભવન, સેક્ટર-૧૦,ગાંધીનગર

૨. સેક્શન અધિકારી(સંકલન), અ-૧ શાખા, વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૩. શાખા સિલેક્ટ ફાઈલ-૨૦૨૪

# અગ્રતાક્રમાંક.૦૬

સી. કે. રાઉલજી (ગોધરા)

**પ્રશ્ન –** ગોધરા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ અંતર્ગત વર્ષ ૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-૨૪માં તા.૩૧/૧૨/૨૦૨૩ સુધીમાં કઇ યોજના હેઠળ કેટલા રોપાનું વાવેતર કરાયેલ છે, તે પૈકી જીવંત રોપાઓની સંખ્યા અને થયેલ ખર્ચની વિગતો શું છે?

**જવાબ –** જુદી જુદી યોજના હેઠળ કુલ **૮૮૭.૦૦ હેક્ટર**માં **૭.૫૭ લાખ રોપા**નું વાવેતર થયેલ છે તેમાંથી હાલ **૭.૧૯ લાખ રોપા** જીવંત છે અને તેની પાછળ કુલ **રૂ.૧૦૧૨.૦૩ લાખ** જેટલો ખર્ચ થયેલ છે.

| વર્ષ | યોજનાનું નામ | વાવેતર (હેક્ટર) | રોપાની સંખ્યા (લાખમાં) | જીવંત રોપાની સંખ્યા | થયેલ ખર્ચ (લાખમાં) |
|---|---|---|---|---|---|
| **૨૦૨૨-૨૩** | કેમ્પા | ૮૨.૦૦ | ૧.૧૫ લાખ | ૧.૧૩ લાખ | ૨૩૧.૯૨ લાખ |
| | વન વ્યવસ્થા અને વિકાસ (બિન આદિવાસી) | ૨૬૦.૦૦ | ૧.૫૮ લાખ | ૧.૪૫ લાખ | ૨૦૯.૩૯ લાખ |
| | વન વ્યવસ્થા અને વિકાસ (આદિવાસી) | ૯૭.૦૦ | ૦.૫૯ લાખ | ૦.૫૭ લાખ | ૬૩.૨૦ લાખ |
| | **કુલ** | **૪૩૯.૦૦** | **૩.૩૨** લાખ | **૩.૧૫** લાખ | **૫૦૪.૫૧** લાખ |
| **૨૦૨૩-૨૪ (૩૧/૧૨/૨૦૨૩ની સ્થતિએ)** | કેમ્પા | ૧૧૩.૦૦ | ૧.૩૩ લાખ | ૧.૨૫ લાખ | ૧૯૦.૪૪ લાખ |
| | વન વ્યવસ્થા અને વિકાસ (બિન આદિવાસી) | ૨૯૦.૦૦ | ૨.૫૮ લાખ | ૨.૪૮ લાખ | ૨૭૮.૩૧ લાખ |
| | વન વ્યવસ્થા અને વિકાસ (આદિવાસી) | ૪૦.૦૦ | ૦.૩૧ લાખ | ૦.૨૯ લાખ | ૩૪.૨૧ લાખ |
| | વન સંશોધન (બિન આદિવાસી) | ૦૫.૦૦ | ૦.૦૩ લાખ | ૦.૦૩ લાખ | ૪.૫૬ લાખ |
| | **કુલ** | **૪૪૮.૦૦** | **૪.૨૫** લાખ | **૪.૦૫** લાખ | **૫૦૭.૫૨** લાખ |
| | **એકંદર કુલ ---** | **૮૮૭.૦૦ હેક્ટર** | **૭.૫૭ લાખ** | **૭.૧૯ લાખ** | **૧૦૧૨.૦૩ લાખ** |

**અગ્રતાક્રમાંક.૦૬**

ફતેસિંહ ચૌહાણ (કાલોલ)

**પ્રશ્ન – ગોધરા તાલુકામાં છેલ્લા બે વર્ષમાં કયા કયા ગામોમાં કેટલા વિસ્તારમાં કેટલા રોપાનું વાવેતર થયેલ છે?**

**જવાબ –**

- ગોધરા તાલુકામાં વર્ષ **૨૦૨૨-૨૩**માં કુલ **૧૧ ગામો**નાં **૪૩૯ હેક્ટર** વિસ્તારમાં કુલ **૩ લાખ ૩૨ હજાર** રોપાનું વાવેતર કરવામાં આવેલ છે.
- ગોધરા તાલુકામાં વર્ષ **૨૦૨૩-૨૪**માં કુલ **૧૯ ગામો**નાં **૪૪૮ હેક્ટર** વિસ્તારમાં કુલ **૪ લાખ ૨૫ હજાર** રોપાનું વાવેતર કરવામાં આવેલ છે.
- આમ, ગોધરા તાલુકામાં છેલ્લાં **બે** વર્ષમાં કુલ **૩૦ ગામો**નાં **૮૮૭ હેક્ટર** વિસ્તારમાં કુલ **૭ લાખ ૫૭ હજાર** રોપાનું વાવેતર કરવામાં આવેલ છે.

| વર્ષ | ગામનું નામ | વિસ્તાર (હે.) | વાવેલ રોપાની સંખ્યા |
|---|---|---|---|
| **૨૦૨૨-૨૩** | અછાલા(પશ્ચિમ) | ૬૨.૦૦ | ૧૫૦૦૦ |
| | બામરોલી ખૂર્દ) | ૩૫.૦૦ | ૨૯૦૦૦ |
| | બેટીયા | ૫૦.૦૦ | ૨૯૦૦૦ |
| | ચંચેલાવ | ૫૦.૦૦ | ૮૦૦૦૦ |
| | ગોઠ્લાવ | ૨૩.૦૦ | ૨૪૦૦૦ |
| | લાડપુર | ૫.૦૦ | ૫૧૦૦ |
| | સામલી | ૯૭.૦૦ | ૭૯૦૦૦ |
| | ઓરવાડા | ૧૧.૦૦ | ૪૯૦૦ |
| | રીંછીયા | ૪૬.૦૦ | ૨૪૦૦૦ |
| | થાણાગર્જન | ૪૫.૦૦ | ૨૬૦૦૦ |
| | વાંસીયા | ૧૫.૦૦ | ૧૬૦૦૦ |
| | **કુલ** | **૪૩૯.૦૦** | **૩૩૨૦૦૦** |
| **૨૦૨૩-૨૪** | અછાલા(પુર્વ) | ૩૦.૦૦ | ૧૩૦૦૦ |
| | અંબાલી | ૪૦.૦૦ | ૪૪૦૦૦ |
| | બામરોલી(ખુર્દ) | ૩૦.૦૦ | ૩૩૦૦૦ |
| | બેટીયા | ૩૦.૦૦ | ૨૩૦૦૦ |
| | ભામૈયા | ૫૦.૦૦ | ૫૬૦૦૦ |
| | ચંચેલાવ | ૨૫.૦૦ | ૨૮૦૦૦ |
| | છકડીયા | ૧૦.૦૦ | ૧૧૦૦૦ |
| | ચુંદડી | ૨૦.૦૦ | ૨૨૦૦૦ |
| | ઘનોલ | ૫.૦૦ | ૩૦૦૦ |
| | ગઢ | ૨૫.૦૦ | ૨૮૦૦૦ |
| | ગોઠ્લાવ | ૧૫.૦૦ | ૭૦૦૦ |
| | લાડપુર | ૮.૦૦ | ૯૦૦૦ |
| | મીરપ | ૧૦.૦૦ | ૪૦૦૦ |
| | ઓરવાડા | ૩૫.૦૦ | ૩૯૦૦૦ |
| | સામલી | ૪૦.૦૦ | ૧૮૦૦૦ |
| | સાંપા | ૩૦.૦૦ | ૩૩૦૦૦ |
| | થાનાગર્જન | ૨૫.૦૦ | ૨૮૦૦૦ |
| | વડેલાવ | ૧૫.૦૦ | ૨૪૦૦૦ |
| | વાવડી | ૫.૦૦ | ૨૦૦૦ |
| | **કુલ** | **૪૪૮.૦૦** | **૪૨૫૦૦૦** |

## અગ્રતાક્રમાંક.૦૬

નિમિષાબેન સુથાર (મોરવાહડફ)

**પ્રશ્ન – ગોધરા તાલુકામાં છેલ્લા બે વર્ષમાં રોપા વાવેતર પાછળ કઇ – કઇ કામગીરીમાં કેટલો ખર્ચ થયેલ છે?**

**જવાબ –**

| વર્ષ | કામગીરીની વિગત | થયેલ ખર્ચ |
|---|---|---|
| **૨૦૨૨-૨૩** | નર્સરી ઉછેર, ખાડા ખોદવા, સાફ સફાઇ, પરકોલેશન ટેન્ક, વન તલાવડી વગેરે આગોતરા કામો | ૩૨૮.૦૯ લાખ |
| | વાવેતર તથા ગોડકામની કામગીરી | ૧૨૧.૨૮ લાખ |
| | અન્ય કામગીરી | ૫૫.૧૪ લાખ |
| **કુલ** | | **૫૦૪.૫૧** લાખ |
| **૨૦૨૩-૨૪ (તા.૩૧-૧૨-૨૦૨૨ અંતિત)** | નર્સરી ઉછેર, ખાડા ખોદવા, ટ્રેન્ચ, પરકોલેશન ટેન્ક, વન તલાવડી વગેરે આગોતરા કામો | ૩૩૦.૪૬ લાખ |
| | વાવેતર તથા ગોડકામની કામગીરી | ૧૨૨.૩૩ લાખ |
| | અન્ય કામગીરી | ૫૪.૭૩ લાખ |
| | **કુલ** | **૫૦૭.૫૨** લાખ |

- ગોધરા તાલુકામાં વર્ષ **૨૦૨૨-૨૩**માં વનીકરણની વિવિધ કામગીરી હેઠળ કુલ **૫ કરોડ ૪ લાખ ૫૧ હજાર**નો ખર્ચ થયેલ છે.
- ગોધરા તાલુકામાં વર્ષ **૨૦૨૩-૨૪**માં વનીકરણની વિવિધ કામગીરી હેઠળ કુલ **૫ કરોડ ૭ લાખ** ૫૨ હજારનો ખર્ચ થયેલ છે.
- આમ, ગોધરા તાલુકામાં **છેલ્લા બે** વર્ષમાં વનીકરણની વિવિધ કામગીરી હેઠળ કુલ **૧૦ કરોડ ૧૨ લાખ ૩ હજાર**નો ખર્ચ થયેલ છે.

# અગ્રતાક્રમાંક.૦૬

## પૂરક નોંધ

**વર્ષ ૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-૨૪માં તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ગોધરા તાલુકાના વનીકરણમાં રાજ્ય સરકાર તરફથી મળેલ ગ્રાન્ટની વિગતો શું છે, તથા તેમાંથી કેટલો ખર્ચ થયેલ છે ?**

**જવાબ:**-વર્ષ ૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-૨૪માં તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ગોધરા તાલુકાના વનીકરણમાં રાજ્ય સરકાર તરફથી મળેલ ગ્રાન્ટની વિગતો નીચે મુજબ છે.

**રાજ્ય સરકારની ગ્રાન્ટ**

| વર્ષ | ફાળવેલ ગ્રાન્ટ (રૂ. લાખમાં) | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) | ખર્ચની ટકાવારી |
|---|---|---|---|
| ૨૦૨૨-૨૩ | ૫૦૯.૨૫ લાખ | ૫૦૪.૫૧ લાખ | ૯૯.૦૬ લાખ |
| ૨૦૨૩-૨૪ (તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ) | ૫૪૪.૨૦ લાખ | ૫૦૭.૫૨ લાખ | ૯૩.૨૭ લાખ |
| **કુલ** | **૧૦૫૩.૪૫ લાખ** | **૧૦૧૨.૦૩ લાખ** | **૯૬.૦૭ લાખ** |

**આમ, બંને વર્ષની મળીને કુલ રૂા. ૧૦૫૩.૪૫ લાખની ગ્રાન્ટ સામે રૂા. ૧૦૧૨.૦૩ લાખ જેટલો ખર્ચ થયેલ છે.**

**ગોધરા તાલુકામાં છેલ્લાં પાંચ વર્ષમાં કરવામાં આવેલ વાવેતરની વિગતો શું છે?**

**જવાબ:- ગોધરા તાલુકામાં છેલ્લાં પાંચ વર્ષમાં કરવામાં આવેલ વાવેતરની વિગતો નીચે મુજબ છે,**

| ક્રમ નં. | વર્ષ | વાવેતર |
|---|---|---|
| ૧ | ૨૦૧૮-૧૯ | ૨૧૧.૦૫ હેક્ટર |
| ૨ | ૨૦૧૯-૨૦ | ૬૧૫.૦૦ હેક્ટર |
| ૩ | ૨૦૨૦-૨૧ | ૭૨૯.૦૦ હેક્ટર |
| ૪ | ૨૦૨૧-૨૨ | ૨૭૪.૦૦ હેક્ટર |
| ૫ | ૨૦૨૨-૨૩ | ૪૩૯.૦૦ હેક્ટર |
| **કુલ** | | **૨૨૬૮.૦૫** હેક્ટર |

## **પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર કેટલો વનવિસ્તાર આવેલ છે?**

**જવાબ :-** પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર વન વિસ્તારની વિગત નીચે મુજબ છે

| **તાલુકો** | **વન વિસ્તાર (ચો.કિ.મી.)** |
|---|---|
| ગોધરા | ૧૫૬.૫૨ ચો.કી.મી. |
| શહેરા | ૧૬૯.૮૮ ચો.કી.મી. |
| મોરવા(હડફ) | ૪૯.૩૫ ચો.કી.મી. |
| કાલોલ | ૩૫.૯૭ ચો.કી.મી. |
| હાલોલ | ૬૩.૮૪ ચો.કી.મી. |
| ઘોઘંબા | ૯૩.૭૦ ચો.કી.મી. |
| જાંબુઘોડા | ૧૦૭.૬૩ ચો.કી.મી. |
| **કુલ** | **૬૭૬.૮૯** ચો.કી.મી. |

## **મોનીટરીંગની કામગીરીમાં કઈ કામગીરીનું મોનીટરીંગ કરવામાં આવે છે?**

**જવાબઃ-** મોનીટરીંગની કામગીરીમાં આગોતરા કામો, નર્સરી, ચાલુ વર્ષના તેમજ જુના વાવેતરો ઉપરાંત બાંધકામની કામગીરી, ઇકોટુરીઝમ અને ઇકો ડેવલપમેન્ટની કામગીરી, એન્ટ્રી પોઇન્ટ એકટીવીટી તેમજ હાઇટેક નર્સરી જેવી તમામ પ્રકારની કામગીરીનું મોનીટરીંગ રાજય તેમજ વર્તુળ કક્ષાએથી કરવામાં આવે છે.

**સહભાગી વન વ્યવસ્થાનો શું આશય છે અને તે માટે સરકારશ્રી દ્વારા શું વ્યવસ્થા ગોઠવેલી છે. તેમજ ગોધરા તાલુકાના કેટલા ગામોમાં કેટલા વિસ્તારમાં અમલમાં છે?**

**જવાબ:-**

- સહભાગી વન વ્યવસ્થાનો મુખ્ય હેતુ પાંખા થયેલા વન વિસ્તારોને પુન: નિર્માણ, સંરક્ષણ અને વિકાસ તથા વહીવટમાં ગ્રામ સમુદાય / સ્વૈચ્છિક સંગઠનોનો સહયોગ મેળવવાં ઉપરાંત વન વિસ્તારની જમીનમાં વૃક્ષો અને અન્ય વનસ્પતિનું વાવેતર કરી ઘાસ, બળતણ અને નાનું ઈમારતી લાકડું અને અન્ય વન પેદાશોનું ઉત્પાદન કરી જંગલ વિસ્તારની નજીક રહેતા, ગ્રામ સમુદાયની જરૂરતો પહોંચી વળવાનો મુખ્ય હેતુ છે. તે ઉપરાંત સતત ઉત્પાદકીય વનીકરણને સહાયરૂપ બને તેવી પર્યાવરણની સમતુલા પ્રાપ્ત કરવી તેમજ ગ્રામ સમુદાય વૃક્ષ આધારિત પ્રવૃત્તિમાં કાર્યરત થાય તેવી શક્યતાઓ ઉભી કરવી.
- સહભાગી વન વ્યવસ્થા હેઠળ જોડાયેલા સભ્યોને પાંખા થયેલ વન વિસ્તારમાંથી ઘાસ લઈ જવાનો અધિકાર રહે છે. ઉપરાંત, કટબેકની કામગીરી કરવામાં આવે ત્યારે તેમાંથી નીકળતું બળતણ ગામ સમિતિના સભ્યોને વિના મૂલ્યે, સરખે હિસ્સે આપવામાં આવે છે. પાંખા થયેલા વન વિસ્તારમાંથી પાકા વૃક્ષો કાપવામાં આવે ત્યારે વન ઉત્પન્નમાંથી ગામ સમિતિ અને સરકાર વચ્ચે ચોખ્ખી આવકમાંથી ૫૦ ટકાના ધોરણે લાભની વહેંચણી થાય છે જ્યારે ગીચ વન વિસ્તારોમાં અનુક્રમે ૨૦ અને ૮૦ ટકાના ધોરણે લાભની વહેંચણી થાય છે. વીડી વિસ્તારમાંથી ઘાસનાં કુલ ઉત્પાદનનાં ૨૦ ટકા ઘાસ સહભાગી વન વ્યવસ્થા સમિતિનાં સભાસદોને વાઢી લઈ જવાં દેવામાં આવે છે.
- **સહભાગી વન વ્યવસ્થા ગોધરા તાલુકામાં કુલ ૩૯ ગામોમાં ૭૬૭૬.૪૬ હેક્ટર વિસ્તારમાં અમલમાં છે.**